**<u>ક્રિમીનલ કેસ નં. ૨૬૩૧૩/૨૦૨૧</u>**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

**ફરીયાદી :–** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ...**

**આરોપી :– સમીરખાન વસીરખાન ખોકર**

**૧)** આ કામે હાલના આરોપી વિરુધ્ધ ધી એપેડેમિક ડીસીઝ એકટ, ૧૮૯૭ (કે જેને હવે પછીથી હુકમની સરળતા ખાતર ''અધિનીયમ,૧૮૯૭'' તરીકે સંબોધેલ છે) ની કલમ–૩(૧) અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હાનો આરોપ મુકવામાં આવેલ છે અને તપાસ કરનાર અમલદાર ધ્વારા ગુન્હાની તપાસ પુર્ણ કરી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩ અન્વયે અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરતાં આ અદાલત ધ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

૨) સદર કામે સરકાર તર્ફે વિ.એપીપીશ્રી ધ્વારા રજુઆત કરતાં જણાવેલ છે કે, આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુન્હાની હકીકત તથા કાનુની સંબંધ ધ્યાને લઈ યોગ્ય તે હુકમ કરવા વિનંતી કરેલ છે.

૩) આ કામના આરોપી વિરુધ્ધ તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ વંચાણે લેતાં આ કામના આરોપી વિરુધ્ધ અધિનીયમ,૧૮૯૭ની કલમ –૩(૧) અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હાનો આરોપ મુકવામાં આવેલ છે. સદર અધિનીયમ,૧૮૯૭ ની કલમ–૩(૧) કે જેમાં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

***"3. Penalty:***

*(1) Any person disobeying any regulation or order made under this Act s**<u>hall be deemed to have committed an offence punishable under Section 188 of the</u>** Indian Penal Code (45 of 1860).*
*(2) Whoever, -*

*(i) commits or abets the commission of an act of violence against a heathcare service personnel; or*

*(ii) abets or cause damage or loss of any property, shall be punished with imprisonment for a term which shall not be less than three months, but which may extend to five years, and with fine, which shall not be less than fifty thousand rupees, but which may extend to two lakh rupees.*

*(3) Whoever, while committing an act of violence against a healthcare service personnel, causes grievous hurt as defined in section 320 of the Indian Penal Code (45 of 1860) to such person, shall be punished with imprisonment for a term which shall not be less than six months, but which may extend to seven years and with fine, which shall not be less than one lakh rupees, but which may extend to five lakh rupees."*

ઉપરોકત કલમ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં એ સ્પષ્ટ થાય છે કે, કોઈ પણ વ્યકિત આ અધિનીયમ અન્વયે કરવામાં આવેલ કોઈ નિયમનો અથવા હુકમનો અનાદર કરે અથવા તેનું પાલન ન કરે તો તેવા વ્યકિતઓ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો આચર્યાનું ગણાશે. આમ, સદર કલમના શબ્દો વંચાણે લેતાં એ સ્પષ્ટ થાય છે કે, જયારે કોઈ વ્યકિત અધિનીયમ,૧૮૯૭ અન્વયે કરવામાં આવેલ કોઈ નિયમનો અનાદર કરે ત્યારે તેવા વ્યકિતએ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો આચર્યાનું ગણાય. ત્યારે ફોજદારી કાર્યરીતિ સંહિતાનું પ્રકરણ–૧૪ કલમ–૧૯૦ વંચાણે લેવી જરૂરી છે. જેમાં, મેજિસ્ટ્રેટ દ્રારા ગુન્હાઓનો સંજ્ઞાન લેવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કલમની શરૂઆતના શબ્દો વંચાણે લેવામા આવે તો ''આ પ્રકરણની જોગવાઈઓને આધિન '' એટલે કે, કલમ ૧૯૫ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેવી જરૂરી રહે છે. આ કલમમાં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા, જાહેર નોકરના અધિકારનો તિરસ્કાર, ન્યાય વિરૂઘ્ધના ગુન્હા તથા પુરાવામાં આપેલ દસ્તાવેજો સંબંધી ગુન્હાઓ માટે ફોજદારી કાર્યરીતિ અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. કલમ–૧૯૫(૧)(ક)(૧) કોઈ પણ અદાલત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંન્ને સહીત) હેઠળ સજા પાત્ર કોઈ ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ શકશે નહી. સિવાય કે સંબંધીત જાહેર નોકરે ફરીયાદ કરી હોય અથવા તે જેને આધિન હોય તેવા જાહેર નોકરે લેખીતમાં

ફરીયાદ કરેલ હોય. આમ, કલમ–૧૮૮ના ગુન્હા અંગેનું સંજ્ઞાન કાયદાકીય જોગવાઈને લક્ષમાં લેતા લઈ શકાય નહી. આ તબકકે નામદાર ગુજરાત રાજયની વડી અદાલતના નીચે મુજબના ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરવામાં આવેલા સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે. જેમાં, આ કાયદાની કલમ ૧૯૦ તથા કલમ–૧૯૫ ની વિગતવારની ચર્ચા કરી એવુ ઠરાવવામાં આવેલ છે કે, કલમ–૧૮૮ના ગુન્હા અંગેનુ સંજ્ઞાન મેજિસ્ટ્રેટ પોલીસ રીપોર્ટ ઉપરથી લઈ શકે નહી.

**૧.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૭૪૭૩/૨૦૨૦, સાજીદખાન વાહીદખાન પઠાણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૪/૦૬/૨૦૨૧

**૨.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૩૧૨૬૪/૨૦૧૬, પરસોતમભાઈ ઓધવજી સોલંકી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૪/૧૧/૨૦૨૦

**૩.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૧૬૭૫/૨૦૧૫, હાજી ઉસ્માન સુલેમાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, નિર્ણય તારીખ ૨૨/૦૧/૨૦૨૦

**૪.** સ્પેશ્યલ ક્રિમીનલ અરજી નં. ૪૧૦૫/૨૦૧૭, મોહમ્મદ હુશેન મોહમ્મદ ઈરફાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૫/૦૨/૨૦૧૯

**૫.** ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૭૨૮૬/૨૦૧૭, મેરુભાઈ મેદાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૦/૧૧/૨૦૧૭

**૬.** સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૭૯૧૩/૨૦૧૭, જાહીદ ભગત વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૩/૧૧/૨૦૧૭

**૭.** ક્રિમીનલ અરજી નં. ૬૩૨/૨૦૧૫, ગોર્વધનભાઈ ઠાકોરદાસ અસરાની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૩/૦૪/૨૦૧૭

૮. સ્પેશ્યલ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૬૨૪૪/૨૦૧૫, નરેન્દ્રસીંહ અર્જુનસીંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૨૭/૧૦/૨૦૧૫

૪) વધુમાં જો અદાલત ધ્વારા સદર ગુન્હાનું સંજ્ઞાન લેવામાં આવેલ હોય તો પણ તેવા સમગ્ર કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂઆતથી જ હકુમત વગરની છે. આ તબકકે આ અદાલતનું ધ્યાન

નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા *Daulat Ram V/S State of Punjab And Haryana 1962(0) AIJEL-SC-7349,Date :- 25/01/1962* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર જાય છે. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે :

*" In our opinion, this is not a due compliance with the provisions of that section.* ***What the section Contemplates is that the complaint must be in writing by the public servant concerned and there is no such compliance in the present case.*** *The cognizance of the case was therefore wrongly assumed by the court without the complaint in writing of the public servant namely the Tehsildar in this case. "* ***The trial was thus without Jurisdiction ab intio and the conviction cannot be maintained.*** *"*

૫) આમ, જયારે અધિનીયમ,૧૮૯૭ ની કલમ–૩(૧) અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હામાં ભારતીય દંડ સં હિતાની કલમ–૧૮૮ અન્વયે કરવામાં આવેલ શિક્ષાપાત્ર ગુન્હો ગણાશે ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હાનું સંજ્ઞાન અદાલત માત્ર ફરિયાદ ઉપરથી લઈ શકે છે ત્યારે હાથ ઉપરના કેસમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૯૫ અન્વયે કરવામાં આવેલ જોગવાઈ મુજબ અદાલત સમક્ષ ફરીયાદ કરવામાં આવેલ નથી તે સંજોગોમાં જો આ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો પણ અગાઉ ચર્ચા કર્યા મુજબ તથા નામ.સર્વોચ્ચ અદાલતના ઉપરોકત રજુ કરેલ ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેતાં સમગ્ર ઈન્સાફી કાર્યવાહી શરૂઆતથી જ હુકુમત વગરની ગણાય ત્યારે આ તબકકે આ અદાલતનું ધ્યાન ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ ૨૫૮ માં કરવામાં આવેલ જોગવાઈ ઉપર જાય છે, જે ચુકાદાની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

***"258. Power to stop poceedings in certain cases.***

*In any summons-case instituted otherwise than upon complaint, a Magistrate of the first class or, with the previous sanction of the Chief Judicial*

*Magistrate, any other Judicial Magistrate, may, for reasons to be recorded by him, stop the proceedings at any stage without pronouncing any judgement and where such stoppage of proceedings is made after the evidence of the principal witnesses has been recorded, pronounce a judgement of acquittal, and in any other case, release the accused, and such release shall have the effect of discharge. "*

એ હકીકત સ્પષ્ટ છે કે, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયલ પધ્ધતિથી કરવાની રહે છે. વધુમાં આ અદાલત ધ્વારા ગુન્હાનું સંજ્ઞાન પોલીસ રીપોર્ટ ઉપરથી લેવામાં આવેલ છે ત્યારે ઉપરોકત કાનુની જોગવાઈ ધ્યાને લેતાં ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોઈ તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજીસ્ટ્રેટને, ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને, કોઈપણ તબકકે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિંદોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બિનતહોમત મુકત કરવામાં આવી હોય તેવી થશે.

૬) આમ, અધિનીયમ, ૧૮૯૭ ની કલમ ૩(૧) માં કરવામાં આવેલ જોગવાઈ તથા કેસના સંજોગો તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત રજુ કરેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં, હાલનો કેસ આરોપી વિરુધ્ધ પોલીસ રીપોર્ટ ઉપરથી ઉપસ્થિત કરવામાં આવેલ છે અને અદાલત ધ્વારા ફરિયાદ આધારે ગુન્હાનું સંજ્ઞાન લેવામાં આવેલ ના હોઈ, તે સંજોગોમાં આરોપી વિરુધ્ધ જે પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ તે અદાલત આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે તો પણ તે હુકુમત વગરની હોઈ ફોજદારો કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરી તથા જયારે આરોપી વિરુધ્ધ મુખ્ય સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ ના હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

– આ કામના આરોપી વિરુધ્ધ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ સંહિતાની

કલમ–૨૫૮ અન્વયે આ અદાલતને મળેલ સત્તાની રૂએ બંધ કરી, આ કામના આરોપીને ધી એપેડેમીક ડિસીઝ એકટ,૧૮૯૭ ની કલમ–૩(૧) અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હાઓ માંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૦/૦૭/૨૦૨૧ ના રોજ ખુલ્લી લોક અદાલત દરમ્યાન વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧
વડોદરાઃ

(નેહા રાતુસરીયા)
૪ થા એડી. જયુડી.મેજી. ફ.કલાસ.
વડોદરા.
કોડ નં.જી.જે.૦૧૩૩૩